# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી યુનાઇટેડ કિંગડમ જવા રવાના-મુક્ત વેપાર કરારો અંગે વાતચીત કરશે
2. વિરોધ પક્ષોએ હોબાળો કરતાં સંસદના બંને ગૃહોની કાર્યવાહી સતત ત્રીજા દિવસે પણ ખોરવાઈ
3. ગુજરાત ATSએ આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલા ચાર વ્યક્તિની ધરપકડ કરી.
4. કેન્દ્રીય સહકાર મંત્રીએ કહ્યું, ગુજરાતનાં આણંદમાં 600 બેઠક અને ચાર અભ્યાસક્રમ સાથે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના થઈ.
5. ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરી
6. બેડમિન્ટનમાં, પી.વી. સિંધુએ જાપાનની ટોમોકા મિયાઝાકી સામે જીત મેળવીને ચાઇના ઓપન સુપર 1000 ઝુંબેશની શરૂઆત કરી

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. EVE. PM- LONDON

ભારત-યુકે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી સત્તાવાર મુલાકાતે યુનાઇટેડ કિંગડમ જઈ રહ્યા છે. યુકેમાં ભારતના હાઇ કમિશનર વિક્રમ કુમાર દોરાઈસ્વામીએ જણાવ્યું હતું કે આ મુલાકાત બંને દેશો માટે ફાયદાકારક રહેશે. તેમણે ઉમેર્યું હતું કે ભવિષ્યમાં મુક્ત વેપાર અંગેના કરાર પર પણ હસ્તાક્ષર થઈ શકે છે અને બંને અર્થવ્યવસ્થા પર તેની સકારાત્મક અસર પડશે. તેને મહત્વાકાંક્ષી દસ્તાવેજ ગણાવતા ,  શ્રી દોરાઈસ્વામીએ કહ્યું કે મુક્ત વેપાર કરાર ભવિષ્યવાદી વસ્તુઓ પર વધુ કેન્દ્રિત નવી ભાગીદારીનું નિર્માણ કરશે.

તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદી બંને દેશો વચ્ચેના સંબંધો પ્રત્યે ખૂબ જ કટિબદ્ધ છે અને તેને આગળ વધારવા માંગે છે.

કિંગ ચાર્લ્સ સાથેની મુલાકાત અંગે શ્રી દોરાઈસ્વામીએ કહ્યું કે શ્રી મોદી અને રાજા વચ્ચે ઘણી સમાનતાઓ છે જેમાં સર્વાંગી સ્વાસ્થ્ય અને પર્યાવરણનો સમાવેશ થાય છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 24 જુલાઈએ કિંગ ચાર્લ્સ સાથે મુલાકાત કરશે.

. . . .

# EVE. PAR-ADJOURN

વિરોધ પક્ષોએ હોબાળો કરતાં સંસદના બંને ગૃહોની કાર્યવાહી સતત ત્રીજા દિવસે પણ ખોરવાઈ. વિપક્ષી દળો બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન પુનનિરીક્ષણ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માગ કરી રહ્યા હતા.

લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી આજે બે વખત સ્થગિત થયા પછી આખરે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી. અગાઉ , જ્યારે લોકસભા બપોરે 12 વાગ્યે પ્રથમ મુલતવી પછી મળી, ત્યારે યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ રાષ્ટ્રીય રમતગમત શાસન ખરડો, 2025 અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી સુધારા ખરડો , 2025 રજૂ કર્યા. પ્રમુખ અધિકારીએ શૂન્ય કાળ ચલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા.

રાજ્યસભામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા. બીજી વાર સ્થગિત થયા પછી , જ્યારે ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યે શરૂ થઈ ત્યારે વિપક્ષોએ ગૃહમાં હોબાળો મચાવ્યો અને બિહારમાં વિશેષ સઘન પુનનિરીક્ષણ પર ચર્ચાની માગ કરી.

.........

# LS-INDIA AI MISSION

ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું ભારત પાસે એક મજબૂત માહિતી ટેકનોલોજી માળખું છે જે વાર્ષિક 250 અબજ ડોલરથી વધુની આવક ઉત્પન્ન કરે છે અને 60 લાખથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે.

આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, સ્ટેનફોર્ડ એઆઈ રેન્કિંગ ભારતને એઆઈ કૌશલ્ય , ક્ષમતાઓ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવાની નીતિઓમાં ટોચના દેશોમાં સ્થાન આપે છે. તેમણે કહ્યું કે , ભારતની AI વ્યૂહરચના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ટેકનોલોજીના ઉપયોગને લોકશાહી બનાવવાના વિઝન પર આધારિત છે અને તેનો ઉદ્દેશ્ય ભારત કેન્દ્રિત પડકારોનો સામનો કરવાનો , તમામ ભારતીયો માટે આર્થિક અને રોજગારની તકો ઊભી કરવાનો છે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે , ભારતના વિકાસ લક્ષ્યો સાથે સંરેખિત એક મજબૂત અને સમાવિષ્ટ AI માળખું સ્થાપિત કરવા માટે ગયા વર્ષે માર્ચમાં IndiaAI મિશન શરૂ કરાયું હતું.

. . .

# LS -RAILWAY MEDICAL

છેલ્લાત્રણ વર્ષમાં 16 લાખથી વધુ રેલવે કર્મચારીઓને તબીબી કટોકટીનો સામનો કરવા માટે તાલીમ આપવામાં આવી છે.

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ વાત જણાવી. તેમણે કહ્યું કે , તમામ રેલવે મથકો અને મુસાફરોને લઈ જતી ટ્રેનોમાં જીવન રક્ષક દવાઓ , સાધનો અને ઓક્સિજન સિલિન્ડર ધરાવતા મેડિકલ બોક્સ પૂરા પાડવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે રેલવે, રાજ્ય સરકાર અને ખાનગી હોસ્પિટલોની એમ્બ્યુલન્સ સેવાઓનો ઉપયોગ ઘાયલ અને બીમાર મુસાફરોને હોસ્પિટલોમાં લઈ જવા માટે કરવામાં આવે છે. તેમણે કહ્યું કે , નજીકના હોસ્પિટલો અને ડોકટરોની યાદી અને તેમના સંપર્ક નંબરો પણ તમામ રેલવે મથકો પર ઉપલબ્ધ છે.

. . .

# EVE.RS-CARRIAGE BILL

કેન્દ્રીયબંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે આજે રાજ્યસભામાં વિચારણા અને પસાર કરવા માટે દરિયાઈ માલ વહન ખરડો, 2025 રજૂ કર્યો.

આ ખરડો ભારતીય દરિયાઈ માલવહન અધિનિયમ , 1925નું સ્થાન લેશે. આ કાયદો બંદરોથી પરિવહન કરાયેલા માલના કિસ્સામાં જવાબદારીઓ, અધિકારોઅને મુક્તિઓ સ્થાપિત કરે છે. આ કાયદો કેન્દ્ર સરકારને બિલની જોગવાઈઓનું પાલન કરવા માટે દિશાનિર્દેશો જારી કરવાની અને બિલ ઓફ લેડિંગ પર લાગુ પડતા નિયમોનો ઉલ્લેખ કરતા સમયપત્રકમાં સુધારો કરવાની સત્તા આપે છે.

બિલ ઓફ લેડિંગનો અર્થ માલવાહક દ્વારા શિપરને જારી કરાયેલ દસ્તાવેજ છે. તેમાં માલના પ્રકાર , જથ્થો, સ્થિતિ અને ગંતવ્ય સ્થાન જેવી વિગતો શામેલ છે. આ બિલ લોકસભા દ્વારા પહેલાથી જ પસાર થઈ ગયું છે.

. .

# GUJARAT ATS

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS-એ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી છે. A.T.S.એ ગુજરાતનાં અમદાવાદથી મહોમ્મદ ફરદીન , અરવલ્લીના મોડાસાથી સેફુલ્લા કુરેશી , દિલ્હીથી મોહમ્મદ ફૈક અને નોયડાથી ઝિશાન અલીની ધરપકડ કરી છે.

ATSનાં DIG સુનિલ જોશીએ જણાવ્યું કે, આ ચારેય લોકો અલ-કાયદાના આતંકી મૉડેલ સાથે જોડાયેલા હતા. તેઓ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ અને કેટલીક શંકાસ્પદ ઍપ્લિકેશન દ્વારા અલ-કાયદાની વિચારધારા સાથે જોડાઈ તેને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હોવાનું પણ શ્રી જોશીએ જણાવ્યું.

(બાઈટ – સુનિલ જોશી, DIG)

ઉલ્લેખનીય છે કે અગાઉ 2023માં, અમદાવાદનાં વિવિધ ભાગોમાંથી એક જ આતંકવાદી સંગઠન સાથે સંબંધો હોવા બદલ ચાર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

----------------------------------

# TRIBHUVAN SAHKARI UNIVERSITY

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, સંસદના અધિનિયમ દ્વારા ગુજરાતનાં આણંદમાં 600 બેઠકો અને ચાર અભ્યાસક્રમો સાથે ત્રિભુવન" સહકારી યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. તેના ચારમાંથી ત્રણ અભ્યાસક્રમ યુનિવર્સિટીની સ્થાપના બાદ શરૂ કરાયા છે.

રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં શ્રી શાહે જણાવ્યું કે , સ્થાપનાના ચાર વર્ષની અંદર યુનિવર્સિટી અને તેની સંલગ્ન સંસ્થાઓમાં સ્નાતક, અનુસ્નાતક અભ્યાસક્રમો માટે વાર્ષિક બેઠક ક્ષમતા 9 હજાર 600 ડિપ્લોમા માટે 16 હજાર , પીએચડી માટે 60, જ્યારે પ્રમાણપત્ર કાર્યક્રમો માટે 8 લાખ થશે.

આ ઉપરાંત , યુનિવર્સિટી પોતાની શાળાઓ અને સંલગ્ન સંસ્થાઓ દ્વારા સમગ્ર દેશમાં વિસ્તરણ કરશે . સરકારે વધારાની માળખાકીય સુવિધાઓ બનાવવા યુનિવર્સિટીને કોર્પસ ફંડના રૂપમાં 500 કરોડ રૂપિયાની એક વખતની મૂડી સહાય આપી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

. . . .

# EC – VICE PRESIDENT

જગદીપ ધનખડના રાજીનામા બાદ , ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરી છે. ગૃહ મંત્રાલયે ગઈકાલે શ્રી ધનખડના રાજીનામાની માહિતી આપ્યા બાદ આ પ્રક્રિયા શરૂ થઈ. સોમવારે , શ્રી જગદીપ ધનખડએ સ્વાસ્થ્યના કારણોસર પદ પરથી રાજીનામું આપ્યું હતું.

પ્રારંભિક પ્રવૃત્તિઓ પૂર્ણ થયા પછી , ચૂંટણી પંચ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી સમયપત્રકની જાહેરાત કરશે. જાહેરાત પહેલા શરૂ થયેલી મુખ્ય પ્રવૃત્તિઓમાં મતદાર મંડળની તૈયારીનો સમાવેશ થાય છે , જેમાં રાજ્યસભા અને લોકસભાના ચૂંટાયેલા અને નિમાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ- 324 હેઠળ, ચૂંટણી પંચને ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીઓ યોજવાનો અધિકાર છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી અધિનિયમ, 1952 અને રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી નિયમો , 1974 ના નિયમો દ્વારા હાથ ધરવામાં આવે છે.

.........

# NATIONAL BROADCASTING DAY

*(AKASHVANI OLD TUNE)*

આજે રાષ્ટ્રીય પ્રસારણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. વર્ષ 1927માં આજના  દિવસે દેશમાં ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની હેઠળ બોમ્બે સ્ટેશનથી સૌપ્રથમ રેડિયો પ્રસારણ થયું હતું.

8 જૂન, 1936ના રોજ ઇન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસનું નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો અને બાદમાં તેનું નામ આકાશવાણી રખાયું. વર્ષોથી, આકાશવાણીએ વિવિધ પ્રેક્ષકો સુધી વિશાળ પહોંચ સાથે પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે.

આજના આ દિવસે પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહેગલે આકાશવાણીની 90 વર્ષની યાત્રાને વટવૃક્ષ સમાન ગણાવી.

**(વોઇસ કાસ્ટ – નવનીત સહેગલ)**

. . . . . . . . . . . . . . . .

# BADMINTON-CHINA OPEN

બેડમિન્ટનમાં, પી.વી. સિંધુએ જાપાનની ટોમોકા મિયાઝાકી સામે જીત મેળવીને ચાઇના ઓપન સુપર 1000 ઝુંબેશની શરૂઆત કરી, જ્યારે ઉન્નતિ હુડા અને સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની પુરુષ ડબલ્સ જોડી પણ આજે ચીનના ચાંગઝોઉમાં શાનદાર પ્રદર્શન સાથે આગળ વધી.

ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન સિંધુએ 62 મિનિટની લડતમાં 2022 ની વિશ્વ જુનિયર ચેમ્પિયન મિયાઝાકી સામે 21-15, 8-21, 21-17 થી વિજય મેળવ્યો. તેણીનો આગામી મુકાબલો 2022 ઓડિશા માસ્ટર્સ અને 2023 અબુ ધાબી માસ્ટર્સની 17 વર્ષીય વિજેતા, સાથી ભારતીય ઉન્નતિ હુડા સામે થશે.

. . . . .